# ગુજરાત યુનિવર્સિટી

## બી.એડ્. પ્રવેશ જાહેરાત વર્ષ : ૨૦૨૩-૨૦૨૪

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૦૨૪માં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે ઓનલાઇન આવેદનપત્ર ભરવાનું રહેશે. ઓનલાઇન આવેદનપત્ર ભરવા માટે ઉમેદવારે **www.gujaratuniversity.ac.in** વેબસાઇટ પર Admission B.Ed.માં જઇ ઓનલાઇન આવેદનપત્ર ભરવાનું રહેશે. ઓનલાઇન આવેદનપત્ર ભરવાની સંપૂણ પ્રક્રિયાની વિગત વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે. ઓનલાઇન આવેદનપત્ર ભરવાની શરૂઆત તા-૦૮-૦૬-૨૦૨૩ સાંજે ૬-૦૦.PM થી થશે. ઓનલાઇન આવેદનપત્ર ભરવા માટે ઓનલાઇન પિન મેળવવાની માહિતી વેબસાઇટ પર દર્શાવેલ છે.

**ઓનલાઇન આવેદનપત્ર રજીસ્ટ્રેશન રૂ-175/- ઓનલાઇન ચૂકવવાના રહેશે.**

**( ગુજરાત યુનિવર્સિટીનાં સ્નાતક અને અનુસ્નાતકનાં અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેમને પરિણામ આવવાનું બાકી હોય તેઓએ તેમનું પરિણામ આવ્યા બાદ જ ઓનલાઇન આવેદનપત્ર ભરવાનું રહેશે. પરિણામ આવ્યા બાદ 10 દિવસ સુધીમાં તેઓ ઓનલાઇન આવેદનપત્ર ભરી શકશે.)**

**પ્રવેશ પાત્રતા :-**

NCTE ના નિયમ મુજબ જનરલ અને આર્થિક રીતે પછાત (EWS) કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાએ 50.00 ટકા ગુણ હોવા જરૂરી છે. ( એન્જીનીયરીંગનાં વિદ્યાર્થીઓ માટે 55.00 ટકા). SC, ST અને SEBC કેટેગરીના વિદ્યાર્થીઓને સરકારના ધારધોરણ મુજબ આ લાયકાતમાં 5 ટકા છુટ મળશે. પ્રવેશ પાત્રતા ન ધરાવતા ઉમેદવારોએ આવેદનપત્ર ભરી શકશે નહીં. અનામતનો લાભ લેવા ઇચ્છતા ઉમેદવારોએ જાતિનો દાખલો, SEBC કેટેગરીના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તેવુ પ્રમાણપત્ર (નોન ક્રીમીલીયેર) વર્ષ-૨૦૨૩-૨૪ માટે માન્ય હોય તે સાથે જોડવાનું રહેશે.

**પ્રવેશ સબંધી કોઇ પણ પૂછપરછ માટે**

બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ કાર્યલાય

રૂમ નંબર-૪ શિક્ષણશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ-09

મોબાઇલ નં- ૦૭૯-૨૬૩૦૨૩૦૮

Email:- gujaratuniversitybedmed2324@gmail.com

કુલસચિવ શ્રી

ગુજરાત યુનિવર્સિટી

@geniusguruji